મારા ફાજલ સમયનો ઉપયોગ વિકલાંગજનોને મદદરૂપ થવાનો પહેલેથી જ સંકલ્પ કર્યો હતો. હું પોતે ગામડામાં રહેતો હોવાથી ગ્રામીણ વિકલાંગજનોને જે સુવિધાઓ સરકારશ્રી તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી મળે છે, તેની માહિતી મળતી નહોતી. તેથી મને વિચાર આવ્યો કે વિકલાંગજનોને ઉપયોગી સમાચારપત્ર પ્રસિદ્ધ કરવું જોઈએ. ''સમાચારપત્ર પ્રસિદ્ધ કરવું એ લોખંડના ચણા ચાવવા સમાન પ્રવૃત્તિ છે.'' તેમ મને ઘણા લોકોએ કહ્યું હતું. પરંતુ આવી વાતો ગણકાર્યા સિવાય મેં ''વિશ્વ વિકલાંગ દિન'' ત્રીજી ડિસેમ્બર - ૨૦૦૦ના દિવસે ''હેન્ડીકેપ ન્યુઝ'' નામના પાક્ષિક સમાચારપત્ર જે ગુજરાતમાં સૌ પ્રથમ વિકલાંગ વ્યક્તિ સંચાલિત છે, તેનો શુભારંભ કર્યો. ગુજરાતના બધા જિલ્લાઓ તથા મુંબઈમાંથી પણ સારો આવકાર મળ્યો. અત્યારે આજ સમાચારપત્ર ''વિકલાંગ મિત્ર'' માસિકના નામે ભારત સરકાર દ્વારા માન્યતા ધરાવતું ચાલે છે. ઘણા વિકલાંગજનોને આ સમાચારપત્રથી લાભ થયેલ છે. વિકલાંગોની સંસ્થાઓની પ્રવૃત્તિઓ તથા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિકલાંગ કલ્યાણની પ્રવૃત્તિઓ પ્રસારિત થવાથી સંસ્થાઓ, સરકારશ્રીના વિભાગો અને વિકલાંગ લાભાર્થીઓને ફાયદો થયેલ છે. આ પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર, જી. મહેસાણા દ્વારા ભૂતપૂર્વ વિકલાંગ કમિશ્નરશ્રી ભાસ્કરભાઈ મહેતાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. રોટરી કલબ ઑફ વિજાપુર દ્વારા વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી મંગળભાઈ પટેલના હસ્તે સન્માન થયેલ છે. ગ્લોબલ ફાઉન્ડેશન, વિજાપુર દ્વારા પણ સન્માન થયેલ છે. આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા નામદાર રાજ્યપાલશ્રીના હસ્તે ધરતી રત્ન એવોર્ડ મળેલ છે. માનવ જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ અને ઈબ્રાહીમભાઈ કલાણિયા ફાઉન્ડેશન, મહુવા દ્વારા પ.પૂ. મોરારીબાપુના હસ્તે ભાવનગર મુકામે જાહેર સન્માન કરવામાં આવેલ છે.

વિકલાંગ હિમાયતી જૂથ, ગુજરાતનો સભ્ય છું. મહેસાણા જિલ્લામાં વિકલાંગજનોનું પોતાનું સંગઠન નથી. આ સંગઠનની સ્થાપના અંગેના પ્રયત્નો ચાલું કરેલ છે. જે ટૂંક સમયમાં સાકાર થશે. વિકલાંગ મિત્ર ટ્રસ્ટ બનાવી તેને રજીસ્ટર્ડ કરાવ્યું છે. પત્રકારો અને કટારલેખકોના સંપર્કમાં રહીને વિકલાંગોના પ્રશ્નો, સમસ્યાઓ અને તેમને મેળવેલી સિદ્ધિઓ વગેરેને મીડીયામાં વાચા આપવા માટે પ્રયત્નશીલ રહું છું. વિકલાંગોને ઉપયોગી અને મોટીવેશન પુરું પાડતા લેખો લખું છું અને તે વિવિધ સામયિકો અને સમાચારપત્રોમાં પ્રસિદ્ધ પણ થાય છે.

આ ઉપરાંત વિકલાંગ ઉત્કર્ષની સંસ્થાઓ, રોટરી કલબ, લાયન્સ કલબ, જાયન્ટસ ગૃપ, સત્તાવીસ ગામ કડવા પાટીદાર મિત્ર મંડળ, વિજાપુર, ગુજરાત સર્વોદય મંડળ, મહેસાણા જિલ્લા સર્વોદય મંડળની પ્રવૃત્તિઓમાં ભાગ લઉં છું. આ બધી પ્રવૃત્તિઓના કારણે મારા સંઘર્ષમય જીવનરૂપી સાગર પાર કરવાની અનેરી ઉર્જા બક્ષી છે. આજે હું મારી અપંગતા સંપૂર્ણપણે ભૂલી ગયો છું, અને સામાન્ય માનવી કરતાં પણ વધારે આત્મવિશ્વાસથી ભરપૂર જીવન માણી રહ્યો છું.

આ મારૂં જીવન ઝરમર છે અને વિકલાંગતા સામેનું મહાભિનીષ્ક્રમણ છે.

.......જય વિકલાંગ......


**સંપર્ક :-**

ભરતભાઈ રામાભાઈ પટેલ( તંત્રી, વિકલાંગ મિત્ર)

મુ. પો. :- માઢી, તા.:- વિજાપુર, જિ. :- મહેસાણા,

પી.નં. :- ૩૮૨૮૬૦

મોબાઈલ નંબર :- ૯૭૨૬૦ ૪૩૯૧૧

ઈ-મેલ એડ્રેસ :- viklangmitra@yahoo.com